ગાંધીનગર સમાચાર
તા. ૧૨-૫-૨૦૧૫, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

# ગુજરાતનું ગૌરવ : ગીરનો સાવજ

ગુજરાત એક માત્ર એવું રાજય છે જયાં 'એશિયાટિક લાયન' નામે ઓળખાતા સિંહો સૈકાઓથી નિવાસ કરે છે. ગીરના આ સિંહ-અભયારણ્યનું વિશ્વભરમાં ભારે આકર્ષણ છે. ગુજરાતને પ્રવાસન ક્ષેત્રે આ વનના રાજા ઘણા ઉપકારક નીવડ્યા છે. સિંહ ઘણું ખાનદાન પ્રાણી છે. એ ભૂખ્યો ન હોય ત્યાં સુધી હુમલો કરતો નથી. વળી એ પોતાની સર્વોપરિતા વિશે સભાન રહે છે. સિંહને રાજકારણીઓની જેમ પોતાનાં વખામ કરવાની જરુર નથી પડતી. એની એક ત્રાડ જ એને વનના રાજા તરીકે પ્રસ્થાપિત કરવા પૂરતી ગણાય છે. વચ્ચે ગીરના સિંહોની વસ્તીમાં ઘટાડો નોંધાયેલો ત્યારે પર્યાવરણપ્રેમીઓ ચિંતામાં પડી ગયા હતા. સિંહબાળ રેલવે ટ્રેક પર કપાઇ જતાં હોવાના કે કૂવામાં પડી જઇ જીવ ગુમાવતાં હોવાના સમાચાર હજી પણ અવારનવાર અખબારોનાં પાને ઝબૂકતાં રહે છે. પ્રવાસનને પ્રોત્સાહન આપવા જતાં વન્યજીવોના જીવ સામે જોખમ ઊભું ન થાય તે જોવાની સરકારની ફરજ છે. ગુજરાતના જંગલખાતાએ આ મુદ્દે ગંભીર બનવાની જરુર છે. આશ્વાસન એ વાતનું છે કે વનવિભાગના સાર્થક પ્રયાસોની ફળશ્રુતિ લેખે છેલ્લી ગણતરીમાં સિંહોની સંખ્યા ખાસ્સી વધી હોવાનું બહાર આવ્યું છે. 'ગીર'ને હવે 'બૃહદ્ ગીર'માં ફેરવી દેતાં ૨૦૧૦ની સરખામણીમાં છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન ૨૭ ટકા જેટલો વસ્તી વધારો નોંધાયો છે. છેલ્લી ગણતરી ખૂબ જ વૈજ્ઞાનિક ઢબે ચોકસાઇપૂર્વક પાર પાડવામાં આવી હતી જેમાં દક્ષિણ સૌરાષ્ટ્રના આ વિસ્તારમાં ૫૨૩ સિંહો જોવા મળેલ છે. જૂનાગઢ રેન્જમાં ૨૬૮, ગીર સોમનાથમાં ૪૪, અમરેલીમાં ૧૭૪ અને ભાવનગર પંથકમાં ૩૭ સિંહો નોંધાયા છે. સિંહો એક ચોક્કસ વિસ્તારમાં પોતાનું રજવાડું સ્થાપીને રહેતા હોય છે, પરંતુ શિકારની શોધમાં કયારેક દૂરના વિસ્તારોમાં પણ પહોંચી જાય છે. બોટાદ, પોરબંદર, જામનગર વગેરે વિસ્તારોમાં સિંહોએ મારણ કર્યાં હોવાનું વનવિભાગે નોંધ્યું છે. પરંતુ વસ્તી ગણતરી દરમિયાન એ 'વનરાજ' નજરે પડ્યા નથી! સિંહનો શિકાર એ જૂનાં રજવાડાં માટે પ્રતિષ્ઠાભર્યો ઉપક્રમ હતો. જે રાજવંશી સિંહનો શિકાર ન કરી શકે એને રજવાડાંમાં મોઢું બતાવવા શરમ આવતી. અંગ્રેજો એને જૂનાગઢના નવાબોએ પણ ગીરનાં સિંહોનું નિકંદન કાઢવામાં પાછું વાળીને જોયું નહોતું. છેલ્લા નવાબ મહોબતખાન સંવેદનશીલ રાજવી હતા. એમણે સિંહોની ઘટતી જતી સંખ્યા જોઇ શિકાર પર પ્રતિબંધ ફરમાવ્યો હતો. એ પછી દેશના રાષ્ટ્રીય પ્રાણી તથા પાછળથી રક્ષિત પ્રાણી તરીકે સિંહનો સ્વીકાર થતાં એના શિકારમાં ઓટ જરુર આવી છે, પરંતુ છાનાછપના શિકારની ઘટનાઓ બનતી રહી છે. કયારેક ખેડૂતોની વાડીઓમાં ઝેર આપીને સિંહોને મારી નાખવાના બનાવો પણ નોંધાતા રહે છે. સિંહોના કુદરતી નિવાસ પર માણસે 'એન્ક્રોચમેન્ટ' કર્યું છે, એટલે બિચારું ખાનદાન પ્રાણી ખોરાકની શોધમાં માનવ વસ્તીમાં પણ આવી ચડતું હોય છે. કયારેક માનવબાળને કે પાળેલાં જાનવરોને ઉપાડી જાય છે ત્યારે હાહાકાર મચી જતો હોય છે. ઝવેરચંદ મેઘાણીની પ્રસિદ્ધ કવિતા 'ચારણ કન્યા'માં ડાલામથ્થો એનાં ઢોર પર હુમલો કરતો હોવાનું અને પછી એ નેસડાની રહેનારી કિશોરી દ્વારા એને લાકડી વીંઝીને ભગાડવાનું રોમાંચક વર્ણન આવે છે. ગુજરાતમાં સિંહોની સંખ્યા વધી છે જયારે મધ્યપ્રદેશમાં રાષ્ટ્રીય પ્રાણી તરીકે રક્ષિત ગણાયેલ વાઘની સંખ્યા ઘટી છે. ગુજરાતમાં મુખ્યમંત્રીએ સિંહોમાં માદાઓની સંખ્યા વધુ હોવાની બાબતે સરસ અને સાર્થક કોમેન્ટ કરી છે : સિંહોમાં ભ્રૂણ હત્યાનો રિવાજ નથી, તે જ શું કાળા માથાના માનવી માટે આ ગીરના વનરાજ પરિવારનો શુભ સંદેશ ન ગણાય?

## ગાંધીનગરના યુવાનોનો અનોખો મનોરંજન યજ્ઞ

# રાજપુરા ગામમાં નિઃશુલ્ક નાટ્યપ્રયોગ પ્રસ્તુત કર્યો





## કુંતલ નિમાવત લિખિત-દિવ્યકાન્ત વર્મા દિગ્દર્શિત સામાજિક નાટક 'પિયુ મનભાવન' પ્રેક્ષકોને અભિભૂત કરી ગયું : સૌએ એક સૂરમાં કલાકારોને વધાવી લીધા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના કલાપ્રેમી યુવાનોએ અનોખો મનોરંજન યજ્ઞ પ્રસ્તુત કરતાં માણસા તાલુકાના રાજપુરા ગામમાં નિઃશુલ્ક નાટ્યપ્રયોગ રજૂ કર્યો હતો અને ગ્રામલોકોની ભરપૂર પ્રશસ્તિ મેળવી હતી.

રાજપુરા ગામના શ્રી રામજી મંદિરની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થતાં શ્રી રામજી મંદિર ટ્રસ્ટ દ્વારા ગ્રામજનોના સહયોગથી પુનઃ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તા. ૮થી ૧૦ મે દરમ્યાન ઉજવવામાં આવ્યો હતો. જે અંતર્ગત નવચંડી તથા અન્ય ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ત્રણેય રાત્રી દરમ્યાન ગ્રામજનોના મનોરંજન માટે અનુક્રમે ગીત-સંગીત, ગરબા તથા નાટ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નાટ્ય કાર્યક્રમ નિઃશુલ્કપણે કલાપ્રેમી અને સમાજસેવી ગાંધીનગરના યુવા કલાકારો દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. નગરના જાણીતા નાટ્યકાર કુંતલ નિમાવત લિખિત અને દિવ્યકાન્ત વર્મા દિગ્દર્શિત સામાજિક નાટક 'પિયુ મનભાવન' રાજપુરા ખાતે રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં ગાંધીનગરના જ યુવા કલાકારોએ પોતાની અભિનય કલા પ્રદર્શિત કરી હતી. નાટ્યપ્રયોગ નિહાળવા માટે રાજપુરા ઉપરાંત માણસા, વિસનગર અને ગાંધીનગરના મળી ૧૨૦૦થી વધુ પ્રેક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

કુંતલ નિમાવત અને દિવ્યકાન્ત વર્મા ઉપરાંત દિપલ પરમાર, હિમાની માંકડ, ફાલ્ગુન નંદા, કરણ રાજવીર, પાર્થ બારોટ અને નીતિન પરમાર દ્વારા આ નાટકમાં અભિનય આપવામાં આવ્યો હતો. રોનક સુતરિયાએ સંગીત સંચાલન અને મયુર ભાટીયાએ લાઇટ સંચાલનની સેવાઓ આપી હતી. ચોટદાર સંવાદો, જાનદાર અભિનય અને જીવંત દશ્યો સાથેના આ નાટ્યપ્રયોગે પ્રેક્ષકોને પેટ પકડીને હસાવ્યા પણ હતા અને ખોબલે-ખોબલે રડાવ્યા પણ હતા. છેક છેવટ સુધી નાટકને માણવા માટે મધરાત સુધી પ્રેક્ષકો ઉપસ્થિત રહ્યા હતા અને નાટકના સૌએ ભરપૂર વખાણ કર્યા હતા. નાટક પૂર્ણ થયા બાદ કુંતલ નિમાવત દ્વારા સૌ નાટ્ય કલાકારોનો પરિચય પ્રેક્ષકો સમક્ષ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો અને રાજપુરા ગ્રામજનો તથા પ્રેક્ષકો પ્રતિ આભારની લાગણી પ્રસ્તુત કરવામાં આવી હતી.

## એસટીના ડ્રાઈવર-કંડકટરોને નાગરિક સંરક્ષણની તાલીમ અપાઈ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર એસ.ટી. ડેપોમાં કામ કરતા ડ્રાઈવર તથા કંડક્ટરોને ગાંધીનગર નાગરિક સંરક્ષણ એકમ દ્વારા નાગરિક સંરક્ષણની તાલીમ દ્વારા પ્રાથમિક ધોરણે બસમાં આગ લાગે તો મુસાફરોનો બચાવ, તેને કાબુમાં લેવા માટેની વ્યવસ્થા અંગે સમજ તથા તાલીમ ગાંધીનગર ફાયર બ્રીગેડ અધિકારી મહેશ મોડ દ્વારા આપવામાં આવી હતી. ગાંધીનગર નાગરિક સંરક્ષણ એકમના પોલીસ ઈન્સ્પેટર રાઠોડ, ચીફ વોર્ડનશ્રી અરૂણ બુચ અને દીક્ષીત પટેલ દ્વારા સંચાલીત અને આયોજનમાં તાલીમાર્ગી એસ.ટી. કર્મચારીને તાકીદના સમયે મુસાફરોને સહાય કરવા અંગેની તાલીમ સીવીલ ડીફેન્સની કચેરીના વર્ગખંડમાં સાધન-સુવિધા સાથે તાલીમ નિષ્ણાત ઈન્સ્પેક્ટરશ્રી જયેશભાઈ વેગડાએ આપી હતી અને સમજ અને પ્રેક્ટીકલ જ્ઞાન આપવામાં આવ્યુ હતુ. જેમાં કૈશલ જાની તથા અંજના નિમાવતે સહાય કરી સંચાલન કરેલ. એસ.ટી. ડેપો મેનેજર પટેલ પણ તાલીમમાં જોડાયા હતા. ગાંધીનગર નાગરિક એકમ નાયબ નિયંત્રક સુધીર પટેલની સીધી દેખરેખ હેઠળ નાગરિકોને નાગરિક નાગરીક સંક્ષણમાં જોડાવા આયોજન કરવામાં આવે છે.

## આજે નર્સીંગ કોલેજના વિદ્યાર્થીઓ ઝુંપડપટ્ટીના રહેવાસીઓને શારિરીક સ્વચ્છતાના પાઠ ભણાવશે

### આજે આંતરરાષ્ટ્રીય નર્સીંગ દિવસે ગાંધીનગરની નર્સીંગ કોલેજનો અનોખો કાર્યક્રમ : સે-૨૮ની ઝુંપડપટ્ટીમાં રૂબરૂ જઈ સ્વચ્છતાનું મહત્વ સમજાવી સાવચેતીના પગલાં શિખવાડશે

ગાંધીનગર, તા.૧૧

સમગ્ર વિશ્વમાં તા. ૧૨મી મે આંતરરાષ્ટ્રીય નર્સિંગ ડે તરીકે ઉજવાય છે. ગાંધીનગરની સી.એમ. પટેલ નર્સીંગ કોલેજ દ્વારા સેકટર-૨૮ની ઝુંપડપટ્ટી ખાતેના રહીશોને શારીરિક સ્વચ્છતાની જાળવણી માટે માર્ગદર્શન પુરું પાડશે. આ કાર્યક્રમ સાંજે ૫.૩૦ કલાકે યોજાશે. જેમાં કોલેજના આચાર્યા રવિનાબેન ક્રિશ્ચિયન અને કેમ્પસ ડાયરેકટર ડો. આર.જે. વ્યાસ પણ જોડાશે.

નર્સીંગ વ્યવસાય તેમજ શિક્ષણની સ્થાપનાના પાયાના આધારભૂત સ્તંભ ગણાતા ફ્લોરન્સ નાઈન્ટીગલના જન્મ દિવસને દુનિયા નર્સીંગ દિવસ તરીકે ઉજવે છે. આજના જમાનામાં અત્યાધુનિક બનેલા આ વ્યવસાયનું પ્રારંભિક શિક્ષણ તેમના દ્વારા કરાયું હતું. તેમજ તેમણે આ ક્ષેત્રે નીતિ વિષયક માપદંડો સ્થાપિત કર્યા હતા. ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સીંગ દ્વારા આ નર્સીંગ દિવસે તેમને યાદ કરી સ્મરણાંજલિ અર્પવાના ભાગરૂપે તેમજ નર્સીંગ એજયુકેશનના વિદ્યાર્થીઓને સેવા ભાવનાનું મહત્વ સમજાવવાના ભાગરૂપે આ કાર્યક્રમનું આયોજન હાથ ધરાયું છે. આ કાર્યક્રમમાં નર્સીંગ કોલેજના વિદ્યાર્થીઓ સે-૨૮ અને સે-૨૩ની ઝુંપડપટ્ટીના રહેવાસીઓને રૂબરૂ મળી શારિરીક સ્વચ્છતા તેમજ રોજબરોજના દૈનિક કાર્યોમાં રોગજન્ય જીવાણુઓથી દૂર રહેવા માટે સાવચેતીના પગલા અંગે માર્ગદર્શન આપશે તેમજ તેનું મહત્વ સમજાવશે.

આ પ્રસંગે કોલેજના આચાર્યા રવિનાબેન ક્રિશ્ચિયન, કેમ્પસ ડાયરેકટર ડો. આર.જે. વ્યાસ, પ્રા. પ્રેક્ષા પટેલ, લાયબ્રેરિયન અંજના બારોટ તેમજ કોલેજના ટીવાયબીએસસીના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ જોડાશે.

## હરિની દૃષ્ટિ...




મારા પપ્પા પણ મધર્સ ડેમાં બહુ માનતા લાગે છે... આ વખતે એમની જુની મધરને કયાંક મુકી આવ્યા, અને મારા માટે નવી લાવ્યા...બોલ...!!

## કૈલાસ-માનસરોવર સેવા સમિતિ યાત્રાનું માર્ગદર્શન આપશે

ગાંધીનગર, તા.૧૧

ભારત સરકારની કૈલાશ માનસરોવર યાત્રામાં ફોર્મ ભરેલા યાત્રીકોના સીલેકશન માટેનો ડ્રો તા. ૨૦મી એપ્રિલે યોજાયો હતો. આ ડ્રો અંગેની વિગતો જાણવા અથવા યાત્રા સંબંધી માર્ગદર્શન માટે ગાંધીનગર સ્થિત કૈલાસ માન સરોવર સમિતિના હોદ્દેદારોએ પ્રમુખ ક્રિષ્ણકુમાર રાણા, મંત્રી વિપીનભાઈ પંડયા અથવા સહમંત્રી ભોળાગિરી ગોસ્વામીનો સંપર્ક સાધવા જણાવ્યું છે. આ ઉપરાંત ખાનગી ધોરણે કૈલાસ માનસરોવરની યાત્રાએ જતા યાત્રાળુઓને પણ શુભેચ્છા સમારોહના આયોજનમાં સરળતા રહે તે માટે સમિતિના હોદ્દેદારોનો સંપર્ક સાધવા જણાવાયું છે.

## ચિત્રોડધામ (વાગડ) ખાતે "શબ્દાયન"નું પ્રથમ વાર્ષિક અધિવેશન યોજાયું

ગાંધીનગર, તા. ૧૧

કચ્છના વાગડ પ્રદેશમાં ગુરુ બ્રાહ્મણ સમાજના સંત શિરોમણી ત્રિકમ સાહેબના ધામ ચિત્રોડમાં, ધામના મેનેજિંગ ટ્રસ્ટી, નિવૃત્ત પોલીસ અધિકારી આનંદકુમાર પંડ્યા (આઈ.પી.એસ.)ના સ્નેહાળ નિમંત્રણથી, ગુજરાત ગુરુ બ્રાહ્મણ સમાજના સાહિત્ય, સંગીત અને કલાદિના સર્જકો અને ભાવકોની સંસ્થા 'શબ્દાયન'નું પ્રથમ મહાઅધિવેશન ૨૪, ૨૫, ૨૬ એપ્રિલ, ૨૦૧૫માં રવિભાણ પરંપરાની કાનવાડી ગાદીના આચાર્ય, નિવૃત્ત અધિક માહિતી નિયામક તથા જાણીતા સાહિત્યકાર ડૉ. દલપતસિંહ પઢિયારના અધ્યક્ષ પદે તથા અતિ પછાત વર્ગ બોર્ડના અધ્યક્ષ શ્રી પ્રવિણભાઈ પંડ્યાના મુખ્ય મહેમાન પદે યોજાઈ ગયું.

સવારે ૧૧ વાગ્યે, ડૉ. પઢિયારના અધ્યક્ષપદે યોજાયેલ ઉદ્‌ઘાટન બેઠકનો પ્રારંભ શ્રી મુકેશ પંડ્યાના ભજનથી થયો. એ.કે. પંડ્યાના આવકાર અને મહેમાનોના પરિચય પછી, સંસ્થાનો અહેવાલ, સંવાદક પ્રો. શ્રીગોડે પ્રસ્તુત કર્યો. ડૉ. મહેશચંદ્ર પંડ્યા તથા ભાનુપ્રસાદ પુરાણીના પ્રાસંગિક ઉદ્‌બોધન તથા મુખ્ય મહેમાન પ્રવિણ પંડ્યાના મનનીય વ્યાખ્યાન પછી અધ્યક્ષ ડૉ. પઢિયારે તેમના અર્થપૂર્ણ અને અભ્યાસુ વ્યાખ્યાનથી, ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના ભાવિકોને ભાવવિભોર કરી દીધા હતા. આ પ્રસંગે કબીર સાહિત્ય એવોર્ડ વિજેતા પ્રો. વિનોદ ગાંધીનું બહુમાન થયું.

ભોજન પછીની બેઠકમાં ડૉ. મહેશચંદ્ર પંડ્યાએ 'ગુરુ બ્રાહ્મણ સમાજની ઉજળી પરંપરા,' 'ભાનુપ્રસાદ પુરાણીએ' સાહિત્ય સ્વરુપે ગુરુબ્રાહ્મણ સમાજનું કાવ્ય સર્જન, નિકુંજ વૈશ્યક - કલાક્ષેત્રે ફોટોગ્રાફી અને ચિત્રકલા વગેરે વિષયો પર અભ્યાસપૂર્ણ વ્યાખ્યાનો આપ્યાં હતા.

રાત્રિનો ભોજન પછી યોજાયેલ સંતવાણી કાર્યક્રમમાં રાત્રિના બે વાગ્યા સુધી ભજનિકોએ ત્રિકમ સાહેબની વાણી ભજનો પ્રસ્તુત કરી રંગત જમાવી હતી. ૨૬મીએ સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ દરમિયાન અભિનય ક્ષેત્રે 'ગુરુ બ્રાહ્મણ સમાજ' વિશે જાણીતા નાટ્યવિદ પ્રકાશ જોશીએ અભિનય સાથે રસાળશૈલીમાં વ્યાખ્યાન આપી સૌના દિલ જીતી લીધા હતા, સમગ્ર કાર્યક્રમનું ઉદ્‌બોધન ભાનુપ્રસાદ પુરાણી અને આભાર દર્શન ડૉ. પિનાકિન પંડ્યાએ કર્યું હતું. અધિવેશન દરમિયાન આ સંસ્થાના લેખકોનાં પુસ્તકોનો મેળો નિકુંજ વૈશ્યકે સજાવેલી ફોટો ગેલેરી, તથા ડૉ. પિનાકીન પંડ્યા દ્વારા યોજાયેલ સિક્કા પ્રદર્શન આકર્ષણનાં મહત્ત્વનાં કેન્દ્રો રહ્યાં હતા.

# 'મા' માટે કેટલાય લેખકો અને કવિઓએ પોતપોતાની આગવી શૈલીમાં ઘણું લખ્યું છે અને છતાં એ તમામે તમામ લખાણના અંતરની ઊંડી લાગણી એક સમાન હોય તેવું લાગે છે

હાડ-હાડમાં હેત ભર્યું જેને
વેણ વેણ વરદાન,
દેખ-ઘરેઘર એ જ બિરાજે
ભૂતળમાં ભગવાન

- મકરન્દ દવે

મે મહિનાના બીજા રવિવારને 'મધર્સ ડે' તરીકે ઊજવવામાં આવે છે. પણ 'મા' જેવા વિરાટ શબ્દ સામે આ એક દિવસની ઊજવણી કેટલી વામણી લાગે છે! આપણું આખુંયે અસ્તિત્વ જેને આભારી છે તે વ્યક્તિ એટલે 'મા'! બોલ્યા વિના આંખોના ભાવ પરથી જ આપણા ગમા-અણગમા જાણી-સમજી શકે તે મા! 'મા' માટે કેટલાય લેખકો અને કવિઓએ પોતપોતાની આગવી શૈલીમાં ઘણું લખ્યું છે. અને છતાં એ તમામે તમામ લખાણના અંતરની ઊંડી લાગણી એક સમાન હોય તેવું લાગે છે. કારણ કે મૂળમાં દરેકની પોતાની 'મા' તરફની ભાવના એટલી જ તીવ્ર અને હૃદયસ્પર્શી હોય છે. ઉંમરમાં કોઈ પણ તબક્કે 'મા' પ્રત્યેની ભાવનામાં કોઈ ફેરફાર આવતો નથી. જો કે, ઘણીવાર સમયના અભાવે કે વ્યસ્ત જીવનશૈલીમાં બાળકો પોતાના કામમાં વ્યસ્ત હોવાને કારણે તેમની 'મા' પ્રત્યેની અભિવ્યક્તિમાં ઘટાડો થયો હોય એમ બને પણ લાગણીમાં કોઈ ફેરફાર ચોક્કસપણે આવે નહિ જ ! તેમાંય જયારે તકલીફ કે વિપત્તિ આવી પડે ત્યારે 'મા' નું નામ સહજરુપે જ હોઠ પર આવી જાય છે. કવિશ્રી પિંગળશી મે. ગઢવી લખે છે તેમ,

"અણધાર્યા આવી પડે ઘટમાં દુઃખના ઘા -
નાભિથી વેણ નીકળે, મોઢે આવે 'મા'."

'મા' માટે એટલે તો કહેવાય છે કે મા તે મા, બીજા બધા વગડાના વા ! કવિ 'લલિત' લખે છે કે,

"અહો ! મા તે મા ! બીજા વનના વા !...
અહા! એ તો મા, સૂણી ધાતાં ધા;
શૂરાંપૂરાં બા ઝીલે આડા ઘા,
મીઠી નજરે મા ઠારે દિલના ઘા."



માતા અને બાળકનો જન્મ ગર્ભધારણથી લઈને અંતિમ શ્વાસ સુધીનો હોય છે. એક નાનકડા શિશુને ખૂબ માવજતથી અને કાળજીપૂર્વક ઉછેરીને 'મા' તેને એક યોગ્ય અને કાબેલ વ્યક્તિ બનાવે છે. ત્યાં સુધીના સમયમાં ઘણીવાર તે પોતાના ખુદના અસ્તિત્વને તેમ જ ઘરના અન્ય સભ્યોને પણ ભૂલીને બાળકના ઉછેરમાં પોતાનું સમગ્ર અસ્તિત્વ ન્યોચ્છાવર કરી દે છે. તે દિવસ-રાત પોતાના બાળકમાં ખોવાયેલી રહે છે. તેના માટે બાળક એ જ તેનું વિશ્વ ! કવિશ્રી 'ઉશનસ્' લખે છે તેમ,

"પ્રથમ શિશુ સૌ ક્હાનો, માતા
બધી જ યશોમતી,
મૃદમિલન મ્હોમાં બ્રહ્માંડો અનંત
વિલોકતી."




ખરેખર, આ કેટલો અદ્‌ભૂત સંબંધ છે; જેમાં આજીવન એક નિઃસ્વાર્થ પ્રેમની સરવાણી અવિરતપણે શાંત રીતે વહ્યા જ કરે છે ! એક બાળકના જન્મ સાથે જ તેની દરેક નાનામાં નાની બાબતનું ધ્યાન રાખતી 'મા' તેના ઉત્તમ વ્યક્તિત્વ ઘડતર માટે અથાગ પ્રયત્ન કર્યા કરે છે. ટીવીમાં આવતી એક જાહેરખબરમાં ખૂબ સુંદર વાક્ય આપણે સાંભળ્યું જ છે. "સિર્ફ એક માં હી અચ્છી આદતોં કી અહેમિયત સમજતી હે !" કેટલી અદ્‌ભૂત રીતે તેમાં 'મા'ના 'સ્ટ્રોંગ ડેડીકેશન'ને દર્શાવાયું છે, કવિશ્રી જયંત પાઠક પોતાની માના હાથે ઘડેલા રોટલાને તાવતી તાવડીને પોતાની કવિતા કહે છે કે કારણ કે,

કવિતા :

"માના ઘડ્યા રોટલા
શિશુના શરીરની સુવાસ,
દૂધિયા દાંતનું હાસ;
મોડી રાત સુધી ચાલતી દાદાની વાત;
શમણામાં પરીની મુલાકાત,
સાત સાત સમુંદર ઓળંગીને આવતી
તાવડી મારી કવિતા ;
માના હાથે ઘડ્યા રોટલાને તાવતી
તાવડી મારી કવિતા."

તે જ રીતે કવિશ્રી સુરેશ રાઠોડ પોતાની પ્રેરણામૂર્તિ માતા પ્રત્યે પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરતાં લખે છે કે,

"કૃપાથી, તારી મા! દિવસ ઊગતો કાવ્ય થઈને;
તમારી ઈચ્છા એ ઉરની ધ્રુવપંક્તિ બની રહો!"

જો કે, સમય સાથે પરિવર્તન એ કુદરતનો ક્રમ છે. આ અનુસાર વધતી જતી જરૂરિયાતોને પહોંચી વળવા તેમજ પોતાના અસ્તિત્વની ખોજમાં મોર્ડન 'મા' ઘરની ચાર દિવાલોની બહાર આવી છે. બાળક પાસે તે સતત હાજર ન રહી શકતી હોવાનો ડંખ તેને સતત થયા કરે છે પરંતુ, બાળપણથી પોતે જ મહત્ત્વાકાંક્ષાઓ સેવી છે તેને પ્રાપ્ત કરવા માટેના પ્રયત્નો કરતા રહેવું પણ તેને માટે અત્યંત આવશ્યક હોય છે ! બાળક પ્રત્યેના પ્રેમમાં સ્હેજ પણ ઉણપ આવી નથી પરંતુ, સમયના અભાવે હવે પોતે જાતે બાળક પાછળ પોતાનું આખું અસ્તિત્વ ન્યોચ્છાવર કરવું તેને માટે શક્ય બની શકતું નથી. કવિશ્રી વિપિન પરીખ આવી મોર્ડન મમ્મીઓની વ્યથા પર કટાક્ષ કરતી કવિતા લખે છે :

"મમ્મી રોજ સવારે ઓફિસે જાય છે,
મમ્મી રોજ સવારે ઉતાવળમાં હોયછે.
મમ્મી જતી વખતે મને ખૂબ વ્હાલ કરે છે,
બકી ભરી મને કહે છે :
'મારો ડાહ્યો દીકરો છે ને ! તોફાન નહીં કરતો,
યમુનાબાઈને પજવતો નહીં,
અને મને એક ચોકલેટ આપે છે.
બાઈ મને વાર્તા કહે છે -
વાંદરાની, હનુમાનની,
રાક્ષસની, રામની, રાવણની, સીતાની...
સાંજે મમ્મી ખૂબ થાકીને ઘરે આવે છે,
મને પાછું વ્હાલ કરે છે.
કહે છે : 'કેટલો મીઠ્ઠો છે મારો દીકરો !'
અને વળી પર્સમાંથી એક ચોકલેટ આપે છે.
હું એને પુછું છું :
"રાવણ સીતાને શા માટે ઉપાડી જાય છે, મમ્મી ?"
મમ્મી કહે :
"હું ખૂબ થાકી ગઈ છું આજે.
રવિવારે તને રાવણની વાત કહીશ."

આ કવિતા આધુનિક મા અને આધુનિક બાળક બંનેની પરિસ્થિતિને દર્શાવે છે. પુરુષ સમોવડી બનવાની હોડમાં સ્ત્રી પોતાની મર્યાદાઓ ભૂલીને ક્ષમતાથી પણ વધુ દોડવા લાગી છે ! પરિણામે, તેની અસર આપણા સમાજજીવન પર થઈ રહી છે. જરૂરિયાતો ઘટાવડાને બદલે વધતી જરૂરિયાતોને પહોંચી વળવા કુટુંબજીવનનો ભોગ આપવા તૈયાર રહેતી તમામ સ્ત્રીઓ આગળ જતાં પોતાની જાતને સાવ એકલી અને અસુરક્ષિત મહેસૂસ કરે છે ! જયાં જરૂરિયાત છે અને અન્ય કોઈ વિકલ્પ જ નથી તેવી સ્ત્રીઓ માટે આ બાબત એક અનિવાર્યતા છે પરંતુ ; જયાં સ્ત્રીઓને સ્વતંત્ર નિર્ણયો લેવાની છૂટ છે તેવા સંજોગોમાં પોતાના કાર્યક્ષેત્રની સમયમર્યાદા તેણે પોતે જ સમજી-વિચારીને નક્કી કરવી રહી! ભણેલી-ગણેલી અને સ્માર્ટ, ઈન્ટેલિજન્ટ માતાઓ પોતાના બાળકોનાં પણ સર્વાંગી વિકાસ ખૂબ કુશળ રીતે કરી રહી હોવાનું આપણે સૌએ જોયું છે ! પોતાની કાર્યક્ષમતા, બુદ્ધિક્ષમતા અને કુશળતાનો વિવેકપૂર્વક ઉપયોગ દ્વારા તેને યોગ્ય રીતે વાપરીને પોતાના અસ્તિત્વને વિકસાવવાની સાથોસાથ બાળકને અને કુટુંબને પણ અન્યાય ન જ થાય તેની પૂરી તકેદારી રાખે છે. સ્ત્રીમાં અગાધ શક્તિનો ઘૂઘવતો સમુદ્ર છે. તેને પરખીને તે પોતાના જીવનને મન ભરીને માણે તો તેના બાળકનો સર્વશ્રેષ્ઠ ઉછેર કરવાની સાથોસાથ પોતે પણ સફળતાના ઉચ્ચ શિખરો અવશ્ય સર કરી શકે ! અને માતાનું પોતાના બાળક સાથેનું બંધન એ કુદરતી રીતે જ એટલું મજબૂત છે કે સમય અને સંજોગો સાથે કદાચ તેમાં પરિવર્તન આવે તે શક્ય છે પરંતુ, વાત્સલ્યનો પ્રવાહ કયારેય ઓછો થઈ શકે જ નહિ ! માટે જ કવિશ્રી 'ઉશનસ્' લખે છે કે;

"જનેતા, જયારે યે જનમીશ જુદાં રુપ ધરી તું,
મને પૂરી શ્રદ્ધા : લઈશ અમથી ઓળખી તને...
બને કે તું કો'દી જનમીશ તરુ થૈ ભવરણે,
તને હું છાયાથી લઈશ પરખી શીતલપણે...
અમસ્તો ઘેરાઈ સજલઘન કો ગ્રીષ્મઋતુમાં
ધરી રહેશે છાયા શિર મુજ ; થશે : એ તું, તું જ મા!"